ગાંધીનગર **તાપમાન**

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૮૧ ટકા

# યુવા દિશા કેન્દ્ર, ગાંધીનગરને નેશનલ યુથ એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા. ૨૨

આંતરરાષ્ટ્રીય યુવા દિવસ (યુએનઓ) ૧૨ ઓગષ્ટની ઉજવણીના ભાગરૂપે વિજ્ઞાનભવન, નવી દિલ્હી ખાતે સમગ્ર દેશમાંથી કેટલીક શ્રેષ્ઠ સંસ્થાઓ અને વ્યક્તિ વિશેષને સન્માનવાનો કાર્યક્રમ સંપન્ન થયો.

ગાંધીનગરની જાણીતી યુવા સંસ્થા 'યુવા દિશા કેન્દ્ર - ગાંધીનગર' ને ભારત સરકારનાં રમત-ગમત, યુવા બાબતો અને કોમ્યુનિકેશનનામંત્રી શ્રી અનુરાગ ઠાકુરના હસ્તે આ એવોર્ડ યુવા દિશા કેન્દ્ર અધ્યક્ષ શ્રી સંજીવ મહેતાએ સ્વીકાર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે યુવા દિશા કેન્દ્રના આંદોલનો 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ' અને 'યુવા ફોર ન્યુ ઈન્ડીયા' આંદોલનને માત્ર ગાંધીનગર જ નહીં સમગ્ર દેશમાં લોકચાહના મેળવી છે.

૧૯૮૯થી ગાંધીનગર ગુજરાત અને સમગ્ર દેશમાં નેટવર્ક ધરાવતી યુવા સંસ્થા 'યુવા દિશા કેન્દ્ર' નાં યુવા આંદોલનો 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ' કે જેમાં વૃક્ષ વાવો, સ્વદેશી અપનાવો, ઉર્જા બચાવો, ભાઈચારો કેળવો, બ્લડ ડોનેશન અને યુનો પ્રેરીત યુવાનો માટેના આંતરરાષ્ટ્રીય સૂત્ર સહયોગ દ્વારા વિકાસ અને શાંતિ માટેના સઘન પ્રયત્નો છેલ્લા ૨૫ વર્ષથી કરવામાં આવી રહ્યા છે.




ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારનાં સ્થાપન બાદ આ સંસ્થા દ્વારા માનવેન્દ્ર મહેતાનાં નેતૃત્ત્વમાં શરૂ કરવામાં આવેલ 'યુવા ફોર ન્યુ ઈન્ડીયા' આંદોલન ગુજરાત રાજ્યનાં યુવા વર્ગમાં પ્રભાવી બની રહ્યું છે. જેમાં સ્ટાર્ટઅપ ઈન્ડીયા, સ્ટેન્ડ અપ ઈન્ડીયા, સ્કીલ ઈન્ડીયા, બેટી વચાવો - બેટી પઢાવો, કરપ્શન ફ્રી ઈન્ડીયા, એક ભારત - શ્રેષ્ઠ ભારત જેવી ભારત સરકારની વિવિધ યોજનાઓ જનસમુદાય સુધી પહોંચાડવાનું કાર્ય ચાલી રહ્યું છે.

સમગ્ર દેશમાંથી ચાર અને ગુજરાત રાજ્યમાંથી માત્ર ગાંધીનગરની યુવા સંસ્થાને કેન્દ્રની શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારે યુવા દિશા કેન્દ્ર. ગાંધીનગરની પસંદગી નેશનલ યુથ એવોર્ડ માટે કરવામાં આવતાં ગાંધીનગરમાં આનંદ અને હર્ષની લાગણી છવાઈ ગઈ છે.

# રક્ષાબંધન પર્વે બસસ્ટેન્ડો પર ભારે ભીડ

## મંદિરોમાં અને હરવા-ફરવાનાં સ્થળોએ ભારે ભીડ : હોટલ અને રેસ્ટોરન્ટમાં પણ ઘરાકી જામી: મીઠાઈ-ફરસાણની ધૂમ ખરીદી

ગાંધીનગર, તા. ૨૨

રક્ષાબંધન પર્વની ઉજવણી શહેરમાં ઉલ્લાસભેર થઈ હતી. કોરોનાના કેસો સાવ ઓછા થઈ જતાં ભયમુક્ત વાતાવરણમાં રક્ષાબંધનની ઉજવણી થઈ હતી. બસસ્ટેન્ડ પર અને ખાનગી વાહનોના સ્ટેન્ડ પર ભારે ભીડ જોવા મળી હતી. બપોર બાદ લોકો હરવા-ફરવા નીકળી પડતા જાહેર સ્થળોએ પણ ભારે ભીડ જોવા મળી હતી.



ઘણા મહિનાઓ બાદ કોરોનાના ભય વિના કોઈ તહેવારની ઉજવણી થઈ હતી. કોરોનાનો ભય હમણા સાવ ઓછો થઈ ગયો હોઈ રક્ષાબંધન પર્વની મુક્ત વાતાવરણમાં ઉજવણી થઈ હતી. રક્ષાબંધન પર્વેનો ઉલ્લાસ બધેજ જોવા મળતો હતો. ગઈકાલ બપોર બાદથી જ બસસ્ટેન્ડ પર અવરજવર વધી ગઈ હતી. ભાઈને રાખડી બાંધવા માટે બહેનોએ પીયરની વાટ પકડી હતી. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત તરફ જતી બસો અને ખાનગી વાહનોમાં મુસાપરોની સંખ્યા એકાએક વધી ગઈ હતી. આજે સવારથી જ શહેરના માર્ગો પર વાહનોની અવરજવર વધુ જોવા મળી હતી. ખાસ કરીને ઘ રોડ અને ચ રોડ પર વાહનોની વિશેષ અવરજવર જોવા મળી હતી. અમદાવાદ જતા તમામ માર્ગો પર ટ્રાફિક જોવા મળ્યો હતો. મહત્વના જંકશન પર ટ્રાફિક જામના દશ્યો જોવા મળ્યા હતા.

બપોર બાદ હરવા-પરવાના સ્થળોએ ભીડ ઉમટી પડી હતી. શહેરના બગીચાઓ બહારગામથી આવનારા મુલાકાતીઓથી ભરચક રહ્યા હતા. રક્ષાબંધનના પર્વે લોકો સપરિવાર હરવા ફરવા નીકળી પડ્યા હતા. હોટલ અને રેસ્ટોરન્ટમાં પણ ભીડ જોવા મળી હતી. મીઠાઈ અને ફરસાણની દુકાનોમાં છેક મોડી સાંજ સુધી ઘરાકી જામી હતી. ગુલાબજાંબુ, રસગુલ્લા, પેંડા અને ચોકલેટ્સની ખરીદી ખૂબ થઈ હતી. ઘણા મહિનાઓ બાદ વાતાવરણમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. કોરોનાની બીજી લહેર શમ્યા બાદ લોકોએ રક્ષાબંધનને મન ભરીને માણ્યો હોય તેવુ લાગ્યુ હતુ.

# મધર્સ પ્રાઈડ સ્કૂલના ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા રક્ષાબંધનના તહેવારની ઉજવણી

**ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઇન રાખડી બનાવવાની સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું: શાળાના મેનેજીંગ ટ્રસ્ટી નિલેશભાઇ પટેલ દ્વારા રક્ષાબંધનના મહત્વ અંગે તેઓની આગવી શૈલીમાં વિસ્તૃત સમજૂતી શાળાના બાળકોને આપવામાં આવી હતી**


ગાંધીનગર, તા. ૨૨

કોરોના મહામારી દરમ્યાન સમગ્ર દેશ અને રાજ્યની શાળાઓ બંધ હતી ત્યારે હાલમાંજ આ મહામારીનો વ્યાપ ઓછો થતાં રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યની ધોરણ ૯ થી ૧૨ના વર્ગો કોરોનાની ગાઈડ લાઈન સાથે શરૂ કરવાની પરવાનગી આપી છે. રાજ્ય સરકાર દ્વારા શાળા શરૂ કરવાની પરવાનગી મળ્યા બાદ તા. ૨૨/૦૮/૨૦૨૧ના રોજ ભાઈ બહેનના પવિત્ર સંબંધને સાક્ષાત્કાર કરાવતો રક્ષાબંધનનો પહેલો તહેવાર આવતો હોવાથી ગાંધીનગર જિલ્લાના લેકાવાડા ખાતે કાર્યરત મધર્સ પ્રાઈડ સ્કુલ દ્વારા ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા રક્ષાબંધનના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી આ ઉપરાંત ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઈન રાખડી બનાવવાની સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓએ આ તહેવાર અને સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.










રક્ષાબંધનના આ તહેવારની ઉજવણી પ્રસંગે શાળાના શિક્ષિકા બેને રક્ષાબંધનના મહત્વ અંગે તેઓની આગવી શૈલીમાં વિસ્તૃત સમજૂતી શાળાના બાળકોને આપવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના શ્રીમતી વૈશાલીબેન બેલાણી, શ્રીમતી રીચા દિક્ષીત અને તમામ સ્ટાફ મીત્રો ઉપસ્થિત રહ્યાં હતાં




સ્કૂલવાન ના જરૂરિયાત મંદ ડ્રાઈવર માટે 'રાશન કીટ વિતરણ' નો કાર્યક્રમ લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યો.જેમા લાયન્સ પરિવારના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે સ્કૂલવાન અસોસિએશનના સૌ સભ્યો પણ ઉપસ્થિત રહ્યા અને કીટ વિતરણ માં મદદરૂપ બન્યા હતા. આ પ્રસંગે આપણી ક્લબના ડીસ્ટ્રીકટ ના પદાધિકારીઓ તથા ડિસ્ટ્રિક્ટ કેબિનેટ સેક્રેટરી લાયન હરીશભાઈ ત્રિવેદી પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ નું આયોજન "ફૂડ ફોર હંગર કમિટીના ચેરમેન લાયન મયુરસિંહ વાઘેલા" દ્વારા કરવામાં આવ્યું હતું.

# સુવિધાથી માંડીને સુરક્ષાના અભાવ વચ્ચે વિકસેલું શહેરનું સેક્ટર-૫

## પાણીની ટાંકી છતાં પીવાના પાણીના અપુરતાં ફોર્સથી માંડીને નાગરિક સુરક્ષામાં ઢીલાશ સાથે તુટેલાં સાઇન બોર્ડ અને વધતી જતી ઝુંપડોપટ્ટીથી પરેશાન વસાહતીઓને સેક્ટરમાં રંગમંચ કે લગ્નવાડીનો અભાવ પણ ખટકી રહ્યો છે.



**મારું સેક્ટર મારી સમસ્યા**
**સમીર રામી**

ગાંધીનગર તા.૨૨

ગાંધીનગર શહેરની મુખ્ય રચના સાત માર્ગ આડાં અને સાત માર્ગો ઊભા એકબીજાને છેદે જેની વચ્ચે સર્જાતા ચોસલાં એટલે સેક્ટર કહેવાય તે રીતની બનાવાઈ છે. મુખ્ય શહેર માર્ગ નં.૫ અને માર્ગ નં.૬ની આસપાસ પહેલાં વસેલાં હોવાથી ૧૬ થી ૩૦ સેક્ટર્સ જુના સેક્ટર અને ૧ થી ૮ સેક્ટરએ પાછળથી વિકસાવાયાં જેને નવા સેક્ટર તરીકે ઓળખાય છે. નવા સેક્ટરમાં ગ-માર્ગ અને ખ-માર્ગ વચ્ચે વસેલાં સેક્ટર-૫ જે શહેરની વચ્ચે પણ છે અને છેવાડે પણ છે. સેક્ટર-૫ કેટલીક આગવી વિશેષતાઓ ધરાવે છે તે જ રીતે તેની સમસ્યાઓ પણ મોટાભાગની તેની આગવી સમસ્યાઓ છે.

મૂળભૂત રીતે વાવોલ ગામની સીમની જમીન પર વિકસાવાયેલું સેક્ટર-૫ ખોડિયાર મંદિર, મહાકાળી મંદિર, શિવશક્તિ મંદિર, અંબાજી મંદિર અને ઝકરિયા મસ્જિદ જેવા પાવન ધાર્મિક સ્થળોનું સાનિધ્ય ધરાવે છે જેમાં મહાકાળી મંદિર અને સેક્ટર-૫-સીના નવરાત્રી ચોકમાં યોજાતો ગરબા મહોત્સવ સ્થાનિક વસાહતીઓમાં આકર્ષણ ધરાવે છે તેમજ સે.૫-સીમાં યોગ પરિવારના ૫૦થી વધુ વડીલો દ્વારા નિયમિત રીતે ચાલતી યોગ પ્રાણાયામની પ્રવૃત્તિ તેમજ પર્યાવરણ પ્રેમી નાગરિકોનો વસવાટ ધરાવે છે. એક સમય એવો હતો કે આ સેક્ટર છેવાડાનું હોવાને કારણે અહીં વસવાટ કરવા કોઈ આવવા તૈયાર નહોતું પરંતુ ૯૦ના દાયકા બાદના સમયમાં પહેલાં ગ-રોડ અને પછી ખ-રોડના વિકાસ સુધીમાં સેકટર-૫ એક હર્યુભર્યુ સેકટર બની ચુક્યું છે તે સાથે જ આ સેકટરમાં નવી નવી સમસ્યાઓ પણ અનુભવાઈ રહી છે. આ એક એવું સેક્ટર છે જ્યાં પાણીની મોટી ઓવરહેડ ટાંકી બનાવાઈ છે તેમ છતાં સેક્ટરના અનેક વિસ્તારોમાં હજુ પણ પીવાનું પાણી પુરતા ફોર્સ સાથે મળતું નથી તેવી ફરિયાદ છે, એટલું જ નહીં પરંતુ અગ્રણી વસાહતીઓના જણાવ્યા અનુસાર પાણીની પાઈપલાઈન પણ ખૂબ જૂની થઈ ચુકી હોવાથી અનેક ઠેકાણે લીકેજની સમસ્યા સર્જાય છે તેમ જ ઘણી વાર પીવાનું પાણી ડહોળુ અથવા દુર્ગંધયુક્ત આવવાની રાવ પણ વારંવાર ઉઠવા પામે છે.

વળી, ઓવરહેડ પાણીની ટાંકી પાસે બનાવાયેલા ભૂગર્ભ ટાંકામાં પાણીના સમ્પની સફાઈ નિયમિત કરાતી નથી જે વસાહતીઓના જાહેર આરોગ્ય સામે જોખમ ખડું કરી શકે છે તેવી ફરિયાદ પણ વ્યકત થઈ રહી છે. સેક્ટર-૫નું જાહેર દવાખાનું પણ બંધ કરી દેવાયું છે અને ત્યાં અત્યારે માત્ર મેલેરિયા વિભાગની કામગીરી ચાલી રહી છે.





સેક્ટર-૫-ડી જ્યાં એક પણ રહેણાંક પ્લોટ નથી ત્યાં રાજ્ય સરકાર હસ્તકની ગુજરાત ગેસ કંપનીનો સીએનજી પંપ આવેલો છે જે એક ઉપયોગી સુવિધા સાથે અનેકવાર ટ્રાફિકની સમસ્યા સર્જે છે. અહીં ઘણીવાર વાહનોની એટલી લાંબી કતાર સર્જાય છે કે તેની લાઈન સેક્ટરમાં પ્રવેશવાનો મુખ્ય માર્ગ પર આવી જાય છે જેના કારણે સેક્ટરમાં અવરજવર કરી રહેલા વાહનચાલકો માટે અડચણરૂપ બને છે જેના કારણે નાની-મોટી ટક્કર કે વાહન ચાલકો વચ્ચે ચકમક ઝરવાના કિસ્સા પણ સર્જાય છે. સે.૫-ડીની ખુલ્લી જગ્યામાં વૃક્ષો સાથે જંગલી વનસ્પતિ જેવા ઝાડી ઝાંખરા પણ ખૂબ વધુ હોવાથી આ વિસ્તાર અસામાજીક તત્વો માટે અડ્ડા સમાન બની જવા પામ્યો છે. અહીં ગેરકાયદેસર નોનવેજની હાટડીઓ ઉપરાંત ઝૂંપડપટ્ટીઓ જેવા દબાણો પણ દિન પ્રતિદિન વધતા જઈ રહ્યા છે. ખાસ કરીને પાણીની ટાંકીની આસપાસ હવે શહેરનો એક નવો સ્લમ વિસ્તાર તૈયાર થઈ રહ્યો હોય તેવી સ્થિતિ સર્જાવા પામી છે. માત્ર સે.૫-ડી જ નહીં પરંતુ સેક્ટરને સમાંતર ખ-માર્ગની બીજી તરફ રેલ્વે લાઈન સાથેનો અવાવરું વિસ્તાર હોવાથી ત્યાં દેશી દારૂના વેપલાં સહિત ગુનાખોરી અને સેક્ટરમાં ચોરી ચકારીની સમસ્યા પણ નિયમિતપણે જોવા મળે છે. તાજેતરમાં જ ગ-૨ સર્કલ નજીક સેક્ટર-૫ની ફૂટપાથ પર રાત્રે જમ્યા પછી ચાલવા નીકળેલી એક યુવતી મોબાઈલ પર વાત કરી રહી હતી ત્યારે એક દારૂડિયાના તેને નજીકની ઝાડીઓમાં ખેંચી લઈ જઈ છેડતી કરવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સર્જાઈ હતી જે સમગ્ર ગાંધીનગરમાં મહિલા સલામતી માટે લાલબત્તી સમાન છે. વળી સેક્ટર-૫માં પોલીસ ચોકી તો નથી પરંતુ પોલીસ પેટ્રોલીંગ પણ પૂરતું નથી જેના કારણે આ પ્રકારનાં અસામાજિક તત્ત્વોને ખુલ્લું મેદાન મળી રહ્યું છે તેવો સ્થાનિકોનો આક્ષેપ છે. અધૂરામાં પૂરું અત્યારે નવનિર્માણ પામી રહેલા બગીચા ને સમાંતર માર્ગ પર અનેક સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં હોવાથી રાત્રિના સમયે ભેંકાર વિસ્તાર જેવી પરિસ્થિતી સર્જાય છે.

સેક્ટર-૫માં બગીચાના નવનિર્માણનું કાર્ય પણ ખુબજ ગોકળગાય ગતિએ ચાલી રહ્યું હોવા ઉપરાંત તેના પ્લાનમાં સિનિયર સીટીઝન વડીલો માટે સિટીંગની અન્ય સેક્ટરોમાં નવનિર્મિત બગીચા જેવી યોગ્ય સુવિધા નથી તેઓ સ્થાનિક વડીલોનો દાવો છે. આ ઉપરાંત સેક્ટરમાં આંતરિક માર્ગોથી માડીને કોમન પ્લોટની સાફસફાઈ, વૃક્ષોના ટ્રિમિંગ વગેરે પ્રત્યે ઉપેક્ષા સેવાઈ રહી છે ઉપરાંત સેક્ટરમાં પ્લોટ નંબર દર્શાવતાં અસંખ્ય દિશાસૂચક બોર્ડ પણ તૂટી જવા પામ્યા છે જેના કારણે સેક્ટરના વસાહતીઓને તે આવતા મહેમાનોને તકલીફ પડી રહી છે. સેક્ટર-૫માં એકપણ રંગમંચ કે લગ્નવાડી પણ ના હોવાને કારણે સેક્ટરવાસીઓને પોતાના નાના મોટા પ્રસંગો માટે છેક સેક્ટર-૭ સુધી લાંબા થવું પડે છે. આ સાથે સેક્ટરની ફરતે વિકસી રહેલા કમ્પાઉન્ડ વોલના નિર્માણમાં પણ સેકટરવાસીઓને લાગણીને ધ્યાને રખાતી નથી તેવા આક્ષેપ સાથે સેક્ટરવાસીઓ છેવાડાનું ઘણી છેવાડાનો વ્યવહાર થતો હોવાનું અનુભવી રહ્યાં છે.

સેક્ટર-૫માં પાણીની ટાંકી પાસે વધી રહેલા ઝૂંપડપટ્ટીના દબાણને સત્વરે નિયંત્રણમાં લેવું જરુરી છે નહીંતર અહીં પણ ચરેડી પાણીની ટાંકી પાસે જેમ ઝૂંપડપટ્ટી ખુબ મોટી સમસ્યા બની ચૂકી છે તેમ કેવી પરિસ્થિતિ સર્જાઇ રહી છે. શરુઆતમાં માત્ર સાત ઝૂંપડાં હતાં તે અત્યારે સિત્તેર થઈ ગયા છે અને દબાણકર્તાઓ વનવિભાગની તાર ફેન્સીંગ તોડીને પણ દબાણ કરી રહ્યાં છે.

**- નરેશ બી.પરમાર**
**મહામંત્રી, સે.૫ વસાહત મંડળ**

સે.પમાં પાણીની ટાંકી હોવા છતાં વસાહતીઓને પુરતા ફોર્સથી પાણી મળતું નથી તેમજ પાણી આપવા માટે સમય પણ ખુબ ઓછો ફાળવવામાં આવ્યો છે. સેક્ટરમાં પાણીની પાઈપલાઈનો વર્ષો જૂની તેમજ કટાયેલી હોવાથી ઘણી જગ્યાએ લીકેજ થાય છે અને વારંવાર ડહોળું પાણી આવવાની સમસ્યા સર્જાય છે તેમજ ગટર ઉભરાવાની સમસ્યા પણ છે. ખ-રોડ નજીકના રેલવે લાઈન વિસ્તારના અસામાજિક તત્વોને પગલે સેક્ટરમાં સઘન પોલીસ પેટ્રોલીંગ જરૂરી છે.

**-કેશરીસિંહ બિહોલા**
**પ્રમુખ, સે.૫ વસાહત મંડળ**

સેક્ટર-૫ ફરતે બનાવાઈ રહેલી કમ્પાઉન્ડ વોલમાં પગદંડી માટે કટ મુકવો જરૃરી છે તેમજ આ કટ વડીલોને બસ સ્ટોપ નજીક પડે તે પ્રમાણે મુકાય તે જરૂરી છે. સેક્ટરમાં સાફસફાઈ, સીએનજી પંપ પાસે ટ્રાફિક જામ તેમજ તૂટેલા દિશાસૂચક બોર્ડ્સની સમસ્યા પણ સતાવી રહી છે.

**- વાસુદેવભાઈ સુથાર**
**સ્થાનિક અગ્રણી**

# જન્મદિને વધામણી




**દર્શના કમલેશ બેંકર**
**મો. ૯૯૧૩૧ ૪૩૬૦૦**



**દેવાંશ કલ્પેશ બાલપાંડે**



**સોનમ મુકેશ પરમાર**



**શ્રીજા ચેતન ભુવા**



**જયપાલસિંહ રાણા**
**મો. ૬૩૫૩૦ ૦૨૫૦૮**



**ધવલસિંહ રાઓલ ચાવડા**
**પ્રમુખ, ગર્વમેન્ટ કોમર્સ કોલેજ**
**મો. ૭૦૧૬૨૭૩૮૯૬**

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.જાદવ ભલાજી રમણજી, ઉ.વ. ૩૩, ફિરોજપુર
- સ્વ. રાઠોડ વિષ્ણુકુમાર શિવાજી ઉ.વ. ૫૨, જૂના વાડજ
- સ્વ.પટેલ મહેન્દ્રભાઈ શાંતિલાલ ઉ.વ. ૫૬, પેથાપુર
- સ્વ.ઠાકોર પશીબેન શકરાજી ઉ.વ. ૮૫, પુન્દ્રાસણ
- સ્વ.ઠાકોર કાન્તિજી હેમાજી ઉ.વ. ૭૦, શાહપુર
- સ્વ.રાણા શંકરસિંહ શિવાજી ઉ.વ. ૬૪, ધણપ
- સ્વ. વાઘેલા વિજયભાઈ બાબુભાઈ ઉ.વ. ૩૦, બોરીજ
- સ્વ. ઠાકોર જશુજી ભવાનજી ઉ.વ. ૫૬, ધોળાકુવા, માણસા
- સ્વ. દંતાણી ગંગાબેન કાન્તિભાઈ ઉ.વ. ૫૦, પેથાપુર